ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨૯ | ૨૮ ઓક્ટોબર, ૨૦૨૦, બુધવાર; નિ. આસો સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં હવે કોઈ પણ ભારતીય જમીન ખરીદી શકશે

**કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેરનામું બહાર પડાયું : ૩૭૦મી કલમને હટાવ્યા પછી એક વર્ષ પુરૂં થયા બાદ કેન્દ્ર સરકારે રાજ્યમાં જમીનની કાયદામાં ફેરફાર કર્યો**

નવી દિલ્હી, તા. ૨૭

જમ્મુ-કાશ્મીરમાં હવે દેશનો કોઈ પણ વ્યક્તિ જમીન ખરીદી શકે છે અને ત્યાં વસી પણ શકે છે. ગૃહ મંત્રાલય દ્વારા મંગળવારના રોજ આ અંતર્ગત નવી નોટિફિકેશન જાહેર કરવામાં આવી છે. જોકે, હજી સુધી ખેતી માટેની જમીન મામલે પ્રતિબંધ યથાવત્ છે.

જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે બહારની ઈન્ડસ્ટ્રીઝ જમ્મુ-કાશ્મીરમાં આવીને સ્થપાય, તેથી ઈન્ડસ્ટ્રિયલ લેન્ડમાં ઈન્વેસ્ટ કરવાની જરૂર છે. પરંતુ ખેતીની જમીન ફક્ત રાજ્યના લોકો માટે જ મર્યાદિત રહેશે.


નોંધનીય છે કે આ અગાઉ જમ્મુ-કાશ્મીરમાં ફક્ત ત્યાંના સ્થાનીક લોકો જ જમીનની ખરીદ-વેચાણ કરી શકતા હતા. પરંતુ હવે જમ્મુ-કાશ્મીરની બહારથી આવતા લોકો પણ જમીન ખરીદીને ત્યાં પોતાનું કામ શરૂ કરી શકશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ નિર્ણય જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન કાયદા અંતર્ગત લીધો છે. જેના પ્રણાણે હવે કોઈ પણ ભારતીય જમ્મુ-કાશ્મીરમાં ઘર, દુકાન અથવા જમીન ખરીદી શકશે તેમજ ફેક્ટરી પણ શરૂ કરી શકશે. આ માટે કોઈ પણ પ્રકારના સ્થાનીક રહેવાસી હોવાના પુરાવાઓ આપવાની જરૂર નહીં પડે.

નોંધનીય છે કે જમ્મુ-કાશ્મીરને ગયા વર્ષે જ કલમ ૩૭૦માંથી મુક્ત કરી દેવાયું હતું. ત્યારબાદ ૩૧ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ બની ગયું હતું. હવે કેન્દ્ર શાસિત પ્રદેશ તરીકે એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે ત્યારે જમીનના કાયદામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

# ચીનની સામે ભારત સાથે અમેરિકા : પોમ્પિયો

**ભારત અને અમેરિકા વચ્ચે ટૂ પ્લસ ટૂની વાટાઘાટ : ગલવાનમાં અથડામણમાં ૨૦ જવાનોની શહીદીનો ઉલ્લેખ કરી અમેરિકી વિદેશ પ્રધાને ચીન પર પ્રહાર કર્યા**



નવી દિલ્હી, તા. ૨૭

ભારત અને અમેરિકાની વચ્ચે ચાલી રહેલી ૨ ૨ વાર્તા માટે ભારત આવેલા અમેરિકન વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ રક્ષા મંત્રી રાજનાથ સિંહ, વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કર્યા બાદ કહ્યું કે, અમેરિકા ભારત તરફથી પોતાની અખંડતા માટે કરવામાં આવેલા પગલાંઓમાં તેની સાથે ઉભું છે. માઈક પોમ્પિયોએ અહીં જૂનમાં લદ્દાખની ગલવાન ખીણમાં હિંસામાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયાની ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમેરિકા ભારતની સાથે ઉભું છે.

એક રિપોર્ટ પ્રમાણે, અમેરિકન વિદેશ મંત્રીએ કહ્યું કે, અમે દુનિયાની સૌથી મોટી લોકશાહી માટે પોતાનો જીવ આપનારા જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે નેશનલ વૉર મેમોરિયલ ગયા. આમાં પીએલએની સાથે અથડામણમાં શહીદ થયેલા ૨૦ જવાન પણ છે. ભારતની અખંડતા અને સ્વંતંત્રતાના યુદ્ધમાં અમેરિકા તેની સાથે ઉભું છે. માઈક પોમ્પિયોએ પહેલા પણ ગલવાન ખીણ અથડામણને લઈને ચીન પર પ્રહાર કર્યા છે. તેમણે કેટલાક સમય પહેલા કહ્યું હતુ કે, ચીન વિસ્તારવાદની રણનીતિ અપનાવી રહ્યું છે અને આની વિરુદ્ધ ભારત ઉભું છે. જુલાઈમાં તેમણે હાઉસ

● અનુસંધાન પાન-૭ પર

# અનલોક-પની ગાઈડલાઈન ૩૦ નવેમ્બર સુધી લંબાવાઈ

**કોરોના સંદર્ભે સરકારે સ્થિતિને હળવાશથી ન લીધી : ગાઈડલાઈન અનુસાર કન્ટેન્ટમેન્ટ ઝોનમાં લોકડાઉન ચાલુ જ રહેશે**

નવી દિલ્હી, તા. ૨૭

ભારતમાં કોરોના વાયરસની વચ્ચે અનેક ગૂડ ન્યૂઝ છે. રાહત આપનારા સમાચાર એ છે કે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના કેસ ગત દિવસોની અપેક્ષા ઓછા છે. ખુશખબર એ પણ છે કે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા પણ ઘટી રહી છે. જો કે તેમ છતા કેન્દ્રની મોદી સરકાર કોરોના સંક્રમણને જોતા કોઈ પણ પ્રકારની લાપરવાહી વર્તવા નથી ઈચ્છતી. સરકારે અનલૉક-પને જોતા ગાઈડલાઈન્સ જાહેર કરી છે.

ગૃહ મંત્રાલય તરફથી કોરોના મહામારીને જોતા અનલોક-પની ગાઈડલાઈન્સને જાહેર કરતા ૩૦ સપ્ટેમ્બરના આદેશોને જ લાગુ રાખ્યા છે. કહેવામાં આવ્યું છે કે ગૃહ મંત્રાલયે કોરોના ગાઈડલાઈન્સને જોતા ૩૦ સપ્ટેમ્બરના જે આદેશ લાગુ કરવામાં આવ્યા હતા તે હવે ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી પ્રભાવમાં રહેશે. ગૃહ મંત્રાલય તરફથી જણાવવામાં આવ્યું કે રાજ્યમાં અથવા રાજ્યથી વસ્તુઓ અને લોકોના આવન-જાવન પર કોઈ પણ પ્રકારના પ્રતિબંધ નહીં હોય. આ કાર્યો માટે કોઈ પણ પ્રકારની વિશેષ પરવાનગી અથવા ઈ-પરમિટની જરૂર નહીં હોય. એટલું જ નહીં, કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૩૦ નવેમ્બર સુધી સખ્તાઈથી લૉકડાઉનનું પાલન કરાવવામાં આવશે. કેન્દ્રીય મંત્રી સ્વાસ્થ્ય મંત્રીના સચિવ રાજેશ ભૂષણે કોરોનાની સ્થિતિને લઈને કહ્યું કે, ''છેલ્લા પ અઠવાડિયાથી જોવામાં આવી રહ્યું છે કે કોરોનાથી થનારી નવી મોતોની સંખ્યામાં સતત ઘટાડો આવી રહ્યો છે.'' તેમણે એ પણ કહ્યું કે, દેશમાં હવે રિકવરી રેટ ૯૦.૬૨ ટકા પહોંચી ગયો છે. આ સતત વધી રહ્યો છે, જે એક સારો સંકેત છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પેશાવરના મદ્રેસામાં ભીષણ બ્લાસ્ટ : સાત લોકોનાં મોત
- કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે કોરોનાથી સંક્રમિત થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા
- ડુંગળીના ભાવ નિયંત્રીત કરવા અફઘાનિસ્તાનથી ૧ લાખ ટન ડુંગળી આયાત કરાશે.
- પાંચ ન્યૂઝ ચેનલોએ સુષાંત આત્મહત્યા પ્રકરણે અતિરેક માટે માફી માંગી
- એનસીબીએ દિપીકા પાદુકોણની મેનેજર કરિશ્મા પ્રકાશના ઘરે તપાસ દરમિયાન ડ્રગ પકડાયું.
- કરજણ ટોલનાકા પાસેથી કોંગ્રેસના ઉમેદવાર માટે ૨૫ લાખ રોકડા સાથે બે વ્યક્તિ પકડાઈ
- માલ્યા પાસેથી ૧૧,૦૦૦ કરોડની વસૂલાત બાકી

# વ્યાજ માફીની રકમનું કેશબેક પાંચ નવેમ્બર સુધી જમા થશે

**સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારનું સોગંદનામુ : તમામ બેંકો અને નાણાંકીય સંસ્થાઓ આ રકમ જમા કરાવે એ પછી કેન્દ્ર પાસે વળતર ક્લેમ કરી શકશે**

નવી દિલ્હી, તા. ૨૭

સોમવારે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે ૫ નવેમ્બર સુધીમાં તમામ બેંકો અને નાણાં ધીરાણ સંસ્થાઓ તેમના રુ. ૨ કરોડ સુધીની લોન લેનાર ખાતાધારકોના ખાતામાં ૬ મહિનાના મોરાટોરિયમ પીરિયડના રિપેમેન્ટ માટેના ચક્રવૃદ્ધિ વ્યાજને જમા કરાવે અને ત્યારબાદ કેન્દ્ર સરકાર પાસે તેના વળતર માટે ક્લેમ કરે. નાણાં મંત્રાલયે એક સોગંદનામામાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકારે તમામ ધિરાણ આપતી સંસ્થાઓ નિર્દેશ આપ્યો છે કે યોજનાને અસરકારક બનાવવા માટે લોન ધારકોના સંબંધિત ખાતામાં યોજના મુજબ ગણતરી કરીને મળવા પાત્ર લાભની રકમ ૫ નવેમ્બર સુધીમાં જમા કરાવે."

સુપ્રીમ કોર્ટે સરકારને એમએસએમઈઓ સહિતના તમામ બે કરોડ રૂપિયાની લોન લીધેલા ગ્રાહકો માટે છ મહિનાની મુદત મુદત માટે વ્યાજ પરના વ્યાજ માફ કરવાના નિર્ણયને અમલમાં મૂકવા અંગેની યોજનાના મેકેનિઝમને સમજાવવા જણાવ્યું હતું. કેન્દ્રએ કહ્યું હતું કે લાભ તેમને મળશે કે જેમણે મોરટોરિયમનો લાભ લીધો હોય કે પછી નિયમિત રીતે હપ્તા ભર્યા હોય. મંત્રાલયે કહ્યું, ''આ યોજના હેઠળ તમામ ધિરાણ આપનારી સંસ્થાઓ ૧ માર્ચથી ૩૧ ઓગસ્ટની અવધિ માટે લાભને પાત્ર લોન લેનારાઓના સંબંધિત ખાતામાં ચક્રવૃદ્ધિ વ્યાજ અને સરળ વ્યાજ વચ્ચેનો તફાવત જમા કરવાનો રહેશે. આ રકમ દરેક ધિરાણ આપતી સંસ્થાઓ દ્વારા જમા કરવામાં આવશે યોજના હેઠળ પછી લાભને પાત્ર લોન લેનારાઓએ મોરાટોરિયમનો સંપૂર્ણ લાભ લીધો હોય કે અંશત લાભ લીધો હોય કે પછી મોરરિયમનો લાભ લીધો ન હોય, તેમજ જેમણે હપ્તાની ચુકવણીમાં વહેલું મોડું કર્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, વ્યાપક આર્થિક પરિસ્થિતી, લોન લેનારાઓના પ્રકાર, અર્થવ્યવસ્થા પર તેની અસર અને આવા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખીને, લાભ આપવા માટે લોન લેનારાઓના નિર્ધારિત વર્ગને ધ્યાનમાં રાખીને, આ નિર્ણય કાળજીપૂર્વક વિચારણા પછી લેવામાં આવ્યો છે.

# મુંબઈમાં આતંકી હુમલાના ભયથી એલર્ટ

**મુંબઈ શહેરમાં ૧૪૪ લાગુ : ગુપ્તચર વિભાગના પત્ર બાદ શહેરમાં ડ્રોન ઊડાડવા સહિતના પ્રતિબંધો લાદી દેવાયા**

મુંબઈ,તા.૨૭

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં એક વાર ફરી આતંકી હુમલાની સંભાવના ઊભી થઈ છે. ગુપ્તચર એજન્સી મુજબ આવનારા ૩૦ દિવસમાં મુંબઈમાં ડ્રોનથી કે રિમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફ્ટ કે એરિયલ મિસાઈલ્સ કે પછી પેરા ગ્લાઈડર્સથી હુમલો થઈ શકે છે. નોંધનીય છે કે આવનારા સમયમાં એક પછી એક તહેવારો આવી રહ્યા છે. જેનાથી બજારમાં ભીડ હોવાની સંભાવના પણ છે. વળી ખાસ કરીને વીઆઈપી લોકેશનને પણ નિશાનો બનાવી શકાય છે. તેવામાં હવે ડ્રોન, લાઈટ એરક્રાફ્ટ્સ, પેરા ગ્લાઈડિંગ પર આવનારા ૩૦ દિવસો સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ પ્રતિબંધ ૩૦ ઓક્ટોબરથી લઈને ૨૮ નવેમ્બર

● અનુસંધાન પાન-૭ પર

## શ્રદ્ધાંજલિ



જન્મ તા.૨૪/૦૭/૧૯૬૧ | સ્વ.તા.૨૪/૧૦/૨૦૨૦

**સ્વ.નિકુલભાઈ વાસુદેવભાઈ શુક્લ**

"આપનું જીવન કર્મ એજ અમારો ધર્મ સંદેશ"

ૐ નમઃશિવાય

ખુશ્બુ સ્મરણની મૂકીને ચાલ્યા ગયા તમે, ઈશ્વરના શરણમાં ચાલ્યા ગયા તમે,
ન્યાયની બાબતને સદા મહત્વ આપ્યુ તમે, દ્રવ્યને તુચ્છ ગણ્યુ તમે, સંપીને રહેવાનું શિખવી ગયા તમે,
પરોપકાર કેમ કરવો તે શિખવી ગયા તમે, લઈ પ્રભુનામ અનન્ત યાત્રાએ ચાલ્યા ગયા તમે

અમારા પૂજ્ય પિતાશ્રી **સ્વ.નિકુલભાઈ વાસુદેવભાઈ શુક્લ** તા.૨૪/૧૦/૨૦૨૦, શનિવારના રોજ પ્રભુશરણ પામેલ છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાને રાખીને સદ્‌ગતની લૌકિક ક્રિયા તથા બેસણું મોકુફ રાખેલ છે.

**ટેલિફોનિક બેસણું:- તા.૨૯/૧૦/૨૦૨૦, ગુરૂવારે સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે**

-: સંપર્ક :-
શ્રી ગિરિશભાઈ વાસુદેવભાઈ શુક્લ (ભાઈશ્રી) - ૯૮૯૮૦ ૮૮૫૧૭
શ્રી ભાવિક નિકુલભાઈ શુક્લ (પુત્ર) - ૯૮૯૮૯ ૨૬૬૪૦

ગં.સ્વ.ભાવનાબેન નિકુલભાઈ શુક્લ (પત્નિ) - બંસરી ભાવિક શુક્લ (પુત્રવધુ)
ધનુષ - અુનષ

**સમસ્ત શુક્લ પરિવાર**

## જન્મદિનની વધામણી



**અબીર હાર્દિક દેસાઈ**

વ્હાલા અબીરની
સાતમી વર્ષગાંઠે
વ્હાલથી તરબતર
સુભાશિષ...

| | |
|---|---|
| પંકજ દેસાઈ | જયશ્રી દોશી |
| નયના દેસાઈ | અંકુલ દોશી |
| હાર્દિક દેસાઈ | ચાંદની દોશી |
| ચારૂલ દેસાઈ | આનંદ પટેલ |
| | પાયલ દોશી પટેલ |

# માર્ચ સુધી ફ્રીમાં અનાજ અને કેશ મળી શકે છે

**સરકાર ત્રીજું પ્રોત્સાહન પેકેજ લાવવાની તૈયારીમાં**

નવી દિલ્હી,તા.૨૭

દેશભરમાં ફેલાયેલા કોરોના મહામારીના આર્થિક પ્રભાવનો સામનો કરવા માટે સરકાર પ્રોત્સાહન પેકેજ ૩.૦ લાવવાની તૈયારી કરી રહી છે. રિપોર્ટ્સ મુજબ, સરકાર આ પેકેજમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના ફાયદાને આગામી વર્ષ માર્ચ સુધી વધારી શકે છે. કેન્દ્ર સરકાર સામાજિક સુરક્ષા માટે આ યોજનાની અવધિને વધારવાનો પ્લાન બનાવી રહી છે. જૂન સુધી ચાલનારી આ સ્કીને સરકારે નવેમ્બર સુધી લંબાવી દીધી હતી. નોંધનીય છે કે, દેશની ગરીબ જનતાને કોરોનાવાયરસ મહામારીથી બચવા માટે સરકારે યોજનાની ઘોષણા માર્ચમાં કરી હતી. પહેલા આ યોજનાને જૂન સુધી લાગુ કરવામાં આવી હતી, પરંતુ દેશની સ્થિતિને જોતાં સરકારે તેને નવેમ્બર ૨૦૨૯ સુધી વધારવાની જાહેરાત કરી અને હવે ફરી એકવાર અહેવાલો છે કે સરકાર આ યોજનાના ફાયદાને માર્ચ સુધી વધારી શકે છે. લાઈવમિન્ટના અહેવાલ મુજબ, આ યોજનામાં સરકાર કેશની સાથોસાથ અનાજ આપવાની સમય મર્યાદા પણ વધારી શકે છે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું કે પ્રોત્સાહન પેકેજ ૩.૦માં માંગ વધારનારા અને સામાજિક સુરક્ષા આપનારા ઉપાયો પર ફોકસ કરવામાં આવ્યું છે. કેશ ટ્રાન્સફર સ્કીમને સામેલ કરવામાં આવી શકે છેરિપોર્ટ મુજબ, ત્રીજા પ્રોત્સાહન પેકેજમાં સરકાર ૨૦ કરોડ જનધન ખાતા

● અનુસંધાન પાન-૭ પર